# Meeting of Focal Points of India, France and UAE

## ભારત, ફ્રાન્સ અને યુએઈનાં ફોકલ પોઈન્ટ્સની મીટિંગ

28 જુલાઈ, 2022

આજે ભારત, ફ્રાન્સ અને યુનાઈટેડ આરબ અમિરાતનાં ફોકલ પોઈન્ટ્સની ત્રીપક્ષિય મીટિંગ યોજવામાં આવી હતી. ભારતીય પક્ષની આગેવાની સંયુક્ત સચિવ (યુરોપ પશ્ચિમ) શ્રી સંદીપ ચક્રવર્તી અને સંયુક્ત સચિવ (ગલ્ફ) શ્રી વિપુલ દ્વારા કરવામાં આવી હતી, ફ્રેન્ચ પક્ષની આગેવાની યુરોપ અને વિદેશ બાબતો માટેનાં ફ્રેન્ચ મંત્રાલયનાં નિર્દેશક (એશિયા અને ઓશનિયા) શ્રીમાન બર્ટરાન્ડ લોર્થોલારી અને નાયબ નિર્દેશક (મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકા) શ્રીમાન બર્ટરાન્ડ સુકેટ દ્વારા કરવામાં આવી હતી, અને અમિરાતી પક્ષની આગેવાની યુએઈ વિદેશ મંત્રાલયનાં આર્થિક અને વ્યાપારી બાબતોનાં ડીપાર્ટમેન્ટનાં નાયબ નિર્દેશક શ્રીમાન અહમદ બુરહાઈમા દ્વારા કરવામાં આવી હતી.

2. ત્રણેય પક્ષોએ ઈન્ડો-પેસિફિક પ્રાંત પર દ્રષ્ટિકોણોની આપલે કરી હતી અને મેરિટાઈમ સુરક્ષા, માનવીય સહાયતા અને આફત રાહત (HADR), બ્લૂ ઈકોનોમી, પ્રાંતિય કનેક્ટિવિટી, બહુપક્ષીય મંચોમાં સહકાર, ઊર્જા અને અન્ન સુરક્ષા, નવીનીકરણ અને સ્ટાર્ટઅપ્સ, પૂરવઠા સાંકળનું ટકાઉપણું અને સાંસ્કૃતિક અને લોકો વચ્ચેનાં સહકારનો સમાવેશ કરતા સંભવિત ક્ષેત્રોનાં ત્રીપક્ષિય સહકારની ખોજ કરી હતી. તેઓએ ઈન્ડો-પેસિફિક પ્રાંતમાં ત્રીપક્ષિય સહકાર વધારવા માટે લેવાનાં આગામી પગલાઓની પણ ચર્ચા કરી હતી.

**નવી દિલ્હી**
**28 જુલાઈ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.